
## પેજ3

## અનુષ્કા-વિરાટે મુંબઈમાં રૂ 18.29 કરોડની કિંમતનું નવું વૈભવી ઘર ખરીદ્યું



મુંબઇ, તા. 28 : અનુષ્કા શર્મા અને વિરાટ કોહલીએ તેમની વૈભવી મિલકતોના સંગ્રહમાં વધુ એક ભવ્ય ઘર ઉમેર્યું છે. આ વખતે, તેમણે મુંબઈના વર્સોવા વિસ્તારમાં સમુદ્ર તરફનો એક વૈભવી એપાર્ટમેન્ટ ખરીદ્યો છે. પ્રોપર્ટી રજિસ્ટ્રેશન દસ્તાવેજો અનુસાર, સ્ટાર દંપતીએ 12 જુલાઇના રોજ અંધેરી વેસ્ટના વર્સોવા વિસ્તારમાં સ્થિત પ્રીમિયમ પ્રોજેક્ટ ગોદરેજ સ્કાયશોરમાં રૂ. 18.29 કરોડમાં 2,644 ચોરસ ફૂટનો એપાર્ટમેન્ટ ખરીદીને નોંધણી ફી તરીકે 30,000 અને રૂ. 1.09 કરોડની સ્ટેમ્પ ડ્યુટી ચૂકવી હતી. તેમાં ત્રણ-કાર પાર્કિંગ અને 316 ચોરસ ફૂટનો વધારાનો વિસ્તાર પણ છે. મુંબઈ ઉપરાંત, કોહલી ગુરુગ્રામના DLF ફેઝ વનમાં 10,000 ચોરસ ફૂટનો એક ભવ્ય બંગલો પણ ધરાવે છે. સાથે જ આ દંપતિ અલીબાગ નજીક 8 એકર જમીન પર એક વૈભવી વિલાની માલિકી પણ ધરાવે છે.

## દેવ આનંદના પુત્ર અભિનેતા સુનીલ આનંદનું 70 વર્ષની વયે નિધન



મુંબઈ, તા. 28 : બોલિવૂડના દિગ્ગજ અભિનેતા દેવ આનંદના પુત્ર અભિનેતા સુનીલ આનંદનું 70 વર્ષની વયે લંડનમાં હાર્ટ એટેકના કારણે નિધન થયું છે. આ સમાચારની પુષ્ટિ દેવ આનંદની પૌત્રી અને સુનીલ આનંદની ભત્રીજી ગીના નારંગે કરી હતી. એક નિવેદનમાં નારંગે પરિવારના આ દુઃખના સમયમાં ગોપનીયતા જાળવી રાખવા માટે વિનંતી કરી હતી. નિવેદનમાં જણાવવામાં આવ્યું હતું\R કે, ‘ભારે હૃદયેઅમારો પરિવાર સુનીલ આનંદના અવસાન પર શોક વ્યક્ત કરે છે. લોકો તરફથી મળી રહેલા પ્રેમ પ્રાર્થના અને સમર્થનથી અમને આશ્વાસન મળ્યું છે જેના માટે અમે ખરેખર આભારી છીએ. આ મુશ્કેલ સમયમાં અમે પ્રાઇવસી જાળવી રાખવા માટે નમ્ર વિનંતી કરીએ છીએ.

## સની દેઓલ ‘બટવારા 1947’ના ટ્રેલર લોન્ચ વખતે ભાવુક થયો



મુંબઈ, તા. 28 : સની દેઓલ ‘બટવારા 1947’ના ટ્રેલર લોન્ચ વખતે ડિરેક્ટર રાજકુમાર સંતોષી સાથે ફરી કામ કરવા, શબાના આઝમી સાથે કામ કરવા અને આ ફિલ્મને માતાઓને સમર્પિત કરવા અંગે વાત કરતી વખતે ભાવુક થઈ ગયો હતો. ઈવેન્ટ દરમિયાન અવાજ ભારે થઈ જતાં અભિનેતા સ્ટેજ પર આંસુ લૂછતો જોવા મળ્યો હતો. આમિર ખાન પ્રોડક્શન્સની ફિલ્મ ‘બટવારા 1947’ 1947ના વિભાજનની પૃષ્ઠભૂમિ પર આધારિત છે. ટ્રેલરમાં એક પરિવાર હિંસા, વિસ્થાપન અને તોફાનોને કારણે વિખેરાતો જોવા મળે છે, સાથે જ તેમાં કરુણા, હિંમત અને આશાની એક ઝલક જોવા મળે છે. આ ફિલ્મમાં પ્રીતિ ઝિન્ટા, કરણ દેઓલ, અલી ફઝલ અને અભિમન્યુ સિંહ પણ છે.

## ફ્લર્ટિંગ કરતી મહિલાને રણવીરે કહ્યું, ટૂંકમાં ‘બે બાળકોનો પિતા’ બનવાનો છું



મુંબઈ, તા. 28 : અભિનેતા રણવીર સિંહે તાજેતરમાં એક ઈવેન્ટ દરમિયાન એક મહિલા ફેન દ્વારા કરવામાં આવેલા ફ્લર્ટિંગને રમૂજી અંદાજમાં એવું કહીને બંધ કરી દીધું કે તે ટૂંક સમયમાં બે બાળકોનો પિતા બનવાનો છે. આ ઈવેન્ટનો એક વીડિયો હવે વાયરલ થઈ રહ્યો છે, જેમાં 41 વર્ષીય રણવીરે મહિલા ફેનના કોફી બનાવવાના કૌશલ્યના વખાણ કર્યા પછી આ પ્રતિક્રિયા આપી હતી. આ ક્ષણે ઓનલાઇન બધાનું ધ્યાન ખેંચ્યું છે. કારણ કે, રણવીર અને તેની અભિનેત્રી-પત્ની દીપિકા પાદુકોણ તેમના બીજા બાળકની અપેક્ષા રાખી રહ્યા છે. વીડિયો ક્લિપમાં રણવીર કહે છે\R, ‘ઈતના ફ્લર્ટ કર રહી હૈ મૈં દોબચ્ચે કા બાપ બનને વાલા હૂં યાર.

## સલમાન ખાન અસમ પૂરપીડિતોની મદદે, ફૂડ પેકેટ વહેંચ્યા





ગુવાહાટી, તા. 28 : અસમમાં તાજેતરના વર્ષોમાં આવેલા સૌથી ભયાનક પૂરમાંથી એકનો સામનો કરી રહેલા લોકોની મદદ માટે એક્ટર સલમાન ખાન આગળ આવ્યો છે. મુંબઈમાં ડિરેક્ટર વામશી પૈડીપલ્લીની આવનારી અનામી ફિલ્મના શૂટિંગમાં વ્યસ્ત હોવા છતાં સુપરસ્ટારે અસમમાં પોતાની ફેન ક્લબ સાથે મળીને રાહત કાર્યોમાં મદદ કરવાનું કામ કર્યું છે, એક રિપોર્ટ અનુસાર, સલમાન ખાનની ચેરિટેબલ સંસ્થા, ‘બીઈંગ હ્યુમન’એ રાહત અભિયાન શરૂ કરવા માટે ’સલમાન ખાન ફેન ક્લબ’ (એસકેએફસી) અસમ સાથે હાથ મિલાવ્યા છે. આ અભિયાનના પહેલા તબક્કામાં શિવસાગરના પરિવારોને રેડી-ટુ-ઈટ ખાવાના પેકેટ વહેંચવામાં આવી રહ્યા છે\R, જેને ગુવાહાટીથી મોકલવામાં આવી રહ્યા છે.

## જાણીતા તેલુગુ અભિનેત્રી ‘પાવલા’ શ્યામલાનું 75 વર્ષની વયે નિધન



હૈદરાબાદ, તા. 28 (PTI) જાણતા તેલુગુ કેરેક્ટર આર્ટિસ્ટ ‘પાવલા’ શ્યામલાનું મંગળવારે વહેલી સવારે અહીં હાર્ટ એટેક આવ્યા બાદ 75 વર્ષની વયે નિધન થયું હતું. હોસ્પિટલના સૂત્રોએ જણાવ્યું હતું કે, અહીં સરકારી ઉસ્માનિયા જનરલ હોસ્પિટલમાં ઉંમર સંબંધિત બીમારીઓની સારવાર કરાવતા શ્યામલાને હાર્ટ એટેક આવ્યો હતો અને તેમનું નિધન થયું હતું. મૂવી આર્ટિસ્ટ્સ એસોસિએશન (એમએએ)ના જોઇન્ટ સેક્રેટરી ‘કરાટે’ કલ્યાણીએ જણાવ્યું હતું કે, તેમની અંતિમવિધિ 29 જુલાઈએ હૈદરાબાદમાં યોજાશે. એમએએ અંતિમ સંસ્કાર માટે જરૂરી વ્યવસ્થા કરશે. શ્યામલાના પરિવારમાં તેમની એક પુત્રી છે. ચાર દાયકાથી વધુ સમયની તેમની કારકિર્દીમાં શ્યામલાએ ઘણી તેલુગુ ફિલ્મોમાં કામ કર્યું હતું.





# ઈટાલીમાં મોજાઓએ ફેરી બોટને પિયર સાથે ભટકાવતા મુસાફરોની ચીસાચીસ

**ઘણી** મુશ્કેલી પછી ફેરી બોટને સુરક્ષિત રીતે બંદર પર પહોંચાડવામાં આવી, સદનસીબે કોઇને ઇજા ન થઇ

અમાલ્ફી, તા. 28 : ઈટાલીના અમાલ્ફી કિનારે ઉમટી પડેલા પ્રવાસીઓના ટોળાથી તો અફડાતફડી મચી જ છે પણ એક વીડિયોમાં મુસાફરોથી ભરેલી ફેરી બોટ ઉછળતા મોજાઓને કારણે એક થાંભલા સાથે અથડાતી જોવા મળે છે અને તેના કારણે મુસાફરોમાં ચીસાચીસ થઈ હતી.

એક બ્રિટિશ પ્રવાસી દ્વારા કેદ કરાયેલા ફૂટેજમાં, પોસિટાનોમાં નાટકીય ડોકીંગ પ્રયાસ દરમિયાન વિશાળ મોજાઓ વારંવાર ભીડભાડવાળી ફેરીને થાંભલા પર અથડાતા મુસાફરો ભયથી ચીસો પાડી રહ્યા હતા. તોફાની સમુદ્ર અને ભારે પવનથી જહાજ તણાઈ રહ્યું હતું ત્યારે બોટના ચઢવાના પગથિયાં ડોકની ધાર પર અથડાઈ ગયા ત્યારે પ્રવાસીઓ ગાળો બોલતા સાંભળી શકાતા હતા.

ફૂટેજમાં જોવા મળે છે કે પ્રવાસી ફેરી તેની બોર્ડિંગ સીડી પહેલાથી જ નીચે ઉતારીને થાંભલા તરફ પાછા ફરવાનો પ્રયાસ કરી રહી છે કારણ કે ક્રૂ સભ્યોએ જહાજને નજીક લાવવાનો પ્રયાસ કર્યો હતો. પરંતુ શક્તિશાળી મોજાઓએ તેમનો દાવપેચ લગભગ અશક્ય બનાવી, બોટને ઉપાડીને પાછી ડોક તરફ ધકેલ્યા પછી તેને ફરીથી દૂર ખેંચી ગયા હતા. ઘણી મુશ્કેલ કાર્યવાહી પછી, ફેરી આખરે સુરક્ષિત રીતે બંદર પર પહોંચી શકી અને કોઈ ઈજા થઈ ન હતી.

# PoKની ચૂંટણીમાં શરીફ બંધુઓના પક્ષને 13માંથી નવ બેઠકો

**અહીં** વિધાનસભાની ૪૫ બેઠકો માટે ૨૭ જુલાઈથી ૧૦ ઓગસ્ટ દરમિયાન ત્રણ તબક્કામાં ચૂંટણીઓ યોજાઇ રહી છે

**ભારતે** આ ચૂંટણીને આ પ્રદેશ પર પાકિસ્તાનના ગેરકાયદે કબજાને છાવરવાનો પ્રયાસ ગણાવ્યો

ઇસ્લામાબાદ, તા. ૨૮(પીટીઆઈ): ઇલેક્શન કમિશને મંગળવારે જણાવ્યું હતું કે પાકિસ્તાન ઓક્યુપાઇડ કાશ્મીર(પીઓકે)માં યોજાયેલી પ્રથમ તબક્કાની ચૂંટણીમાં પાકિસ્તાન મુસ્લિમ લીગ-નવાઝ (PML-N)એ ૧૩ માંથી નવ બેઠકો પર જીત મેળવી છે.

સોમવારે યોજાયેલા પ્રથમ તબક્કાના મતદાનમાં મોટા પાયે ગડબડના આરોપો લાગ્યા હતા, જેમાં બાકીની બેઠકો પર પાકિસ્તાન્સ પીપલ્સ પાર્ટી (PPP)નો વિજય થયો હતો. પાકિસ્તાનના કબજા હેઠળના કાશ્મીર (PoK)ની તથાકથિત વિધાનસભાની ૪૫ બેઠકો માટે વ્યાપક હિંસા વચ્ચે ૨૭ જુલાઈથી ૧૦ ઓગસ્ટ દરમિયાન ત્રણ તબક્કામાં ચૂંટણીઓ યોજાઈ રહી છે. ભારત ભારપૂર્વક જણાવે છે કે જમ્મુ અને કાશ્મીર તથા લડાખના સમગ્ર કેન્દ્રશાસિત પ્રદેશો તેનો અવિભાજ્ય અને અખંડ ભાગ છે. નવી દિલ્હી એ વાત પર પણ ભાર મૂકે છે કે પાકિસ્તાને આ કેન્દ્રશાસિત પ્રદેશોના ભાગો પર ગેરકાયદેસર અને બળજબરીપૂર્વક કબજો કર્યો છે. મંગળવારે, ભારતે PoKમાં યોજાઈ રહેલી ચૂંટણીઓને પોતાના ગેરકાયદેસર કબજા પર ઢાંકપિછોડો કરવા અને આ વિસ્તારમાં થઈ રહેલા ગંભીર માનવાધિકાર ઉલ્લંઘનને છુપાવવા માટે ઇસ્લામાબાદ દ્વારા કરાયેલો એક પ્રયાસ ગણાવ્યો હતો. નવી દિલ્હીમાં વિદેશ મંત્રાલયના પ્રવક્તા રણધીર જેસવાલે જણાવ્યું હતું કે, હાલની આ દેખાવ પુરતી ચૂંટણી પ્રક્રિયા બીજું કંઈ નહીં પરંતુ પાકિસ્તાન દ્વારા પોતાના ગેરકાયદેસર કબજા પર છજ્ઞાવરણ ઉભું કરવાનો અને આ ક્ષેત્રમાં પોતાના ગંભીર માનવાધિકાર ઉલ્લંઘનોને છુપાવવાનો એક પ્રયાસ છે.

પીઓકે ચૂંટણી પંચ દ્વારા મંગળવારે જાહેર કરવામાં આવેલા પ્રાથમિક પરિણામો અનુસાર, શરીફ બંધુઓ - નવાઝ અને શહબાઝ - ના નેતૃત્વ હેઠળની PML-N નવ મતવિસ્તારોમાં વિજેતા તરીકે ઉભરી આવી છે, જ્યારે ભુટ્ટો પરિવારના નેતૃત્વ હેઠળની PPP એ ચાર બેઠકો મેળવી છે. બંને પક્ષો કેન્દ્ર સરકારમાં ગઠબંધન ભાગીદારો છે. PoKમાં આ બંને વચ્ચે સીધો મુકાબલો છે કારણ કે પૂર્વ વડાપ્રધાન ઇમરાન ખાનની પાર્ટી પાકિસ્તાન તહરીક-એ-ઇન્સાફે આ ચૂંટણીઓનો બહિષ્કાર કર્યો છે.

# દહેરાદૂનમાં ભારે વરસાદ બાદ બ્રિજના નવા એપ્રોચ રોડમાં ભુવો પડયો

**12** જુલાઈના રોજ જનતા માટે ખુલ્લો મુકાયેલા રોડ અને બ્રિજનું નિર્માણ રૂ. 16 કરોડમાં કરાયું હતું



દહેરાદૂન, તા. 28 (PTI) દહેરાદૂનના પ્રેમગરમાં ભારે વરસાદને પગલે મંગળવારે એક બ્રિજનો નવો બનાવવામાં આવેલા એપ્રોચ રોડમાં મોટો ભુવો પડ્યો હતો, જેના કારણે વાહનવ્યવહાર ખોરવાયો હતો. એમ અધિકારીઓએ જણાવ્યું હતું.

12 જુલાઈના રોજ જનતા માટે ખુલ્લો મુકાયેલો એપ્રોચ રોડ મુશળધાર વરસાદને કારણે તે જ દિવસે બેસી ગયો હતો. ગયા વર્ષે સપ્ટેમ્બરમાં કુદરતી આપત્તિ દરમિયાન અગાઉનો બ્રિજ ક્ષતિગ્રસ્ત થયા બાદ આ કામચલાઉ બ્રિજ બનાવવામાં આવ્યો હતો.

રિપેર કરાયેલા બ્રિજ અને નવા બનેલા એપ્રોચ રોડનું નિર્માણ રૂ. 16 કરોડના કુલ ખર્ચે કરવામાં આવ્યું હતું.

અધિકારીઓએ જણાવ્યું હતું કે, બ્રિજનું મુખ્ય માળખું સુરક્ષિત અને અકબંધ રહ્યું છે, પરંતુ મૂશળધાર વરસાદને કારણે એપ્રોચ રોડ નીચેની માટી ધોવાઈ ગઈ હતી, જેના કારણે તેનો એક ભાગ બેસી ગયો હતો.

માહિતી મળ્યા બાદ પોલીસ અને સ્થાનિક વહીવટીતંત્રે નંદા કી ચોકી ખાતે ટોન્સ નદી પર આવેલા બ્રિજ નિરીક્ષણ કર્યું હતું.

ટેક્નિકલ ટીમો, પોલીસ અને વહીવટી અધિકારીઓ સ્થળ પર હાજર છે અને ઝડપી ગતિએ સમારકામ હાથ ધરવામાં આવ્યું છે.

દહેરાદૂનના ડિસ્ટ્રિક્ટ મેજિસ્ટ્રેટ આશિષ ચૌહાણે પણ ટેક્નિકલ એન્જિનિયરોની ટીમ સાથે સ્થળની મુલાકાત લીધી હતી અને અધિકારીઓને શક્ય તેટલી વહેલી તકે રસ્તો પૂર્વવત કરવાનો નિર્દેશ આપ્યો હતો.

# ફેસબુક પરથી પીએમ મોદીનો વીડિયો ભૂલથી હટાવાયાનો મેટાનો ખુલાસો

**પેપર** લીક અંગે સખત પગલાનું વચન આપતો ઇન્સ્ટાગ્રામ પર મૂકાયેલો વીડિયો ફેસબુક પર પણ મૂકાયો પણ ત્યાંથી ગાયબ થઇ ગયો

**આ** અંગે મેટાને સમન્સ પાઠવાયા : મેટાએ કહ્યું કે ઓટોમેટેડ કન્ટેન્ટ ફિલ્ટર્સમાં આવેલી ટેકનિકલ ખામીને કારણે મોદીની પોસ્ટ હટી હતી



નવી દિલ્હી, ૨૮ જુલાઈ (PTI): સોશિયલ મીડિયા ફેસબુક દ્વારા વડાપ્રધાન નરેન્દ્ર મોદીની એ પોસ્ટ હટાવી દેવાઇ હતી, જેમાં તેમણે ભારતના યુવાનોને સંબોધિત કર્યા હતા અને પેપર લીક સામે સખત પગલાં લેવાનું વચન આપ્યું હતું. આ ઘટના બાદ સરકારે મેટાના ગ્લોબલ હેડ ઓફ પબ્લિક પોલિસીને સમન્સ પાઠવ્યા છે, તેમ મંગળવારે સૂત્રોએ જણાવ્યું હતું.સૂત્રોએ PTIને જણાવ્યું હતું કે મેટાએ સરકારને કહ્યું છે કે તેના ઓટોમેટેડ કન્ટેન્ટ ફિલ્ટર્સમાં આવેલી ટેકનિકલ ખામીને કારણે મોદીની ફેસબુક પોસ્ટ હટી ગઈ હતી.

સૂત્રોના જણાવ્યા અનુસાર, મેટાની આ સ્પષ્ટતા વાજબી નથી અને આ મુદ્દે વધુ ઊંડાણપૂર્વક ચર્ચા કરવાની જરૂર છે. આ બાબત “અહીં જ પૂરી કે શાંત થઈ જતી નથી”.તેમણે વધુમાં ઉમેર્યું હતું કે જો ઓટોમેટેડ સિસ્ટમની ખામીના કારણે આ ભૂલ થઈ હોય, તો મેટાએ તેના ટૂલ્સમાં સુધારો કરવો જ જોઈએ.સૂત્રોએ જણાવ્યું કે IT મંત્રાલય દ્વારા આ મુદ્દે મેટા (ફેસબુક અને ઈન્સ્ટાગ્રામની પેરન્ટ કંપની)ના ગ્લોબલ હેડ ઓફ પબ્લિક પોલિસીને સમન્સ મોકલવામાં આવ્યા છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીની ૨૩ જુલાઈની ઈન્સ્ટાગ્રામ પોસ્ટ (જે પાછળથી ફેસબુક પર પણ શેર કરવામાં આવી હતી)માં તેમનો પ્રથમ ડાયરેક્ટ સેલ્ફી વિડિયો હતો, જેનો હેતુ યુવાનો સાથે જોડાવાનો અને પેપર લીક સામે સખત કાર્યવાહી કરવાની સરકારની મક્કમતા દર્શાવવાનો હતો. પરંતુ બાદમાં મેટા દ્વારા ફેસબુક પર તેને પ્રતિબંધિત કરવામાં આવ્યો હતો, જેના પર ભાજપના કાર્યકર પ્રીતિ ગાંધીએ પ્લેટફોર્મના આ પગલાં સામે સવાલો ઉઠાવ્યા હતા. X પર એક પોસ્ટમાં તેમણે ફેસબુક પર વડાપ્રધાન નરેન્દ્ર મોદીના સેલ્ફી વિડિયો પર મુકાયેલા કથિત પ્રતિબંધ અંગે મેટાની ટીકા કરતા કહ્યું કે, આ પગલું કંપનીના રાજકીય પક્ષપાત, પારદર્શિતા અને જવાબદેહી પર ગંભીર સવાલો ઊભા

# કેન્દ્ર સરકારનો 30 દિવસથી વધુ સમય માટે ખાંડનો સંગ્રહ ન કરવા નિર્દેશ

**સરકારે** સુગર ડીલરો પર 4,000 ક્વિન્ટલની સ્ટોક લિમિટ લાગુ કરી

નવી દિલ્હી, તા. 28 (PTI) ખાંડના ભાવ નિયંત્રણમાં રાખવાના તેના પ્રયાસોના ભાગરૂપે સરકારે મંગળવારે નિર્દેશ આપ્યો હતો કે ખાંડના કોઈ પણ ડીલરે 30 દિવસથી વધુ સમય માટે સ્ટોક રાખવો જોઈએ નહીં અને 4,000 ક્વિન્ટલની સ્ટોક લિમિટ પણ લાગુ કરી છે.

આ ઓર્ડર 1 ઓગસ્ટ, 2026થી અમલમાં આવશે અને 30 નવેમ્બર, 2026 સુધી અમલમાં રહેશે. અગાઉ, ખાંડના ડીલરો પર કોઈ જથ્થાત્મક મર્યાદા ન હતી, જોકે મંત્રાલય સુગર મિલો માટે માસિક વેચાણ ક્વોટા નક્કી કરે છે.

છેલ્લા ત્રણ મહિનામાં ખાંડના એક્સ-મિલ ભાવ પ્રતિ કિલો રૂ. 39થી વધીને રૂ. 45 થવાની પૃષ્ઠભૂમિમાં સ્ટોક લિમિટ લાગુ કરવાનો આ નિર્ણય લેવામાં આવ્યો છે.

એક ગેઝેટ નોટિફિકેશનમાં, ખાદ્ય અને ગ્રાહક બાબતોના મંત્રાલયે આવશ્યક ચીજવસ્તુ ધારા, 1955 ની કલમ 3 અને સુગર (કંટ્રોલ) ઓર્ડર, 2025 હેઠળની સત્તાઓનો ઉપયોગ કરીને આ નિયંત્રણ લાદ્યું છે.

નોટિફિકેશનમાં જણાવવામાં આવ્યું છે કે, “... કેન્દ્ર સરકાર આથી નિર્દેશ આપે છે કે, ખાંડનો કોઈ પણ ડીલર આ પ્રકારનો સ્ટોક મળ્યાની તારીખથી ત્રીસ દિવસથી વધુ સમયગાળા માટે કોઈ સ્ટોક રાખી શકશે નહીં અને સમગ્ર દેશમાં કોઈપણ સમયે અને કોઈપણ સ્થળે 4,000 ક્વિન્ટલથી વધુ ખાંડ સ્ટોકમાં રાખી શકશે નહીં.”

આ ચોમાસામાં ઓછો વરસાદ થવાની આગાહી વચ્ચે ભાવોને નિયંત્રણમાં રાખવા માટે કેન્દ્ર સરકારે ખાંડની નિકાસ પર પહેલાથી જ પ્રતિબંધ મૂકી દીધો છે.



# જમ્મુ-કાશ્મીરમાં અમરનાથ યાત્રાળુઓની બસ પલટી, ૩૯ ઘાયલ

**ગંદરબલ** જિલ્લામાં વળાંક ચૂકતા બસ એક ઘર પર પડતા નદીમાં ખાબકતા અટકી

શ્રીનગર, તા. 28 (PTI): અધિકારીઓએ જણાવ્યું હતું કે, મંગળવારે જમ્મુ અને કાશ્મીરના ગાંદરબલ જિલ્લાના કંગન વિસ્તારમાં એક પૂરપાટ ઝડપે દોડતી બસ રસ્તા પરથી નીચે ઊતરી જતાં ઓછામાં ઓછા 39 અમરનાથ યાત્રીઓ ઘાયલ થયા હતા.

એક વળાંક પર ડ્રાઇવરે વાહન પરનો કાબૂ ગુમાવતાં બસ હરિગનવાન ખાતે એક ઘર પર ખાબકી હતી. આ ઘરને ભારે નુકસાન થયું હતું, પરંતુ તેણે બસને સિંધ નદીમાં ખાબકતી રોકી લીધી હતી. સદનસીબે અકસ્માત સમયે ઘરમાં કોઈ નહોતું.

પવિત્ર અમરનાથ ગુફાનાં દર્શન કરીને પરત ફરી રહેલા 39 યાત્રીઓને ઈજાઓ થઈ હતી. સ્થાનિક લોકો અને સુરક્ષા કર્મચારીઓ દ્વારા તેઓને સારવાર માટે હોસ્પિટલ લઈ જવામાં આવ્યા હતા. લેફ્ટનન્ટ ગવર્નર મનોજ સિંહાએ ઘાયલોની સ્થિતિ અંગે પૂછપરછ કરી હતી. સિંહાએ તેમના એક્સ હેન્ડલ પર પોસ્ટ કર્યું કે, “ગાંદરબલના ડેપ્યુટી કમિશનર અને આરોગ્ય અધિકારીઓ સાથે વાત કરી અને આજે સવારે ગાંદરબલના ગણીવાન ખાતે થયેલા દુર્ભાગ્યપૂર્ણ રોડ અકસ્માતમાં ઘાયલ થયેલા અમરનાથજી યાત્રાના યાત્રાળુઓ સ્વાસ્થ્ય અંગે પૂછપરછ કરી.

# કર્ણાટકમાં પત્નીને ફાંસીએ લટકાવી પતિએ સાસરિયાઓને વીડિયો કોલ કર્યો

**પત્ની** ફાંસો આપીને તે તરફડતી હતી ત્યારે વીડિયો રેકોર્ડ કરનારા પતિની ધરપકડ

બાગલકોટ (કર્ણાટક), તા. 28 (PTI) પરપુરુષ સાથેના આડાસંબંધોની શંકા રાખીને પત્નીની કથિત રીતે હત્યા કરવાના આરોપસર બાગલકોટ જિલ્લામાં એક 29 વર્ષીય પુરુષની ધરપકડ કરવામાં આવી છે. એમ મંગળવારે પોલીસે જણાવ્યું હતું.

તેણે કથિત રીતે પીડિતા જ્યારે ફાંસીના ફંદા પર લટકી રહી હતી ત્યારે તેની અંતિમ ક્ષણોનો વીડિયો રેકોર્ડ કરીને તેને મિત્રો અને પરિવાર સાથે શેર કર્યો હતો. તેણે તેના માતાપિતાને તેમની પુત્રીની લાચારી બતાવવા માટે વીડિયો કોલ પણ કર્યો હતો. પીડિતાની ઓળખ ભાગ્યશ્રી જિગ્ગાલુર અને આરોપી પ્રવીણ જિગ્ગાલુર તરીકે થઈ છે. આ ઘટના રવિવારે સાંજે કર્ણાટકના બાગલકોટ જિલ્લામાં બની હતી. પોલીસે જણાવ્યા અનુસાર, સોમવારે સાંજે બિલગી તાલુકાના ગલગલી ગામમાં આવેલા દંપતીના ઘરેથી 23 વર્ષીય ભાગ્યશ્રી જીગલુર નામની મહિલા મૃત હાલતમાં મળી આવી હતી.

પોલીસે મૃતક મહિલાના પિતા દ્વારા નોંધાવવામાં આવેલી ફરિયાદના આધારે તેના પતિ પ્રવીણ અશોક જીગલુર સામે હત્યાનો કેસ નોંધ્યો છે.પોલીસે જણાવ્યું કે, આરોપીની હત્યાના આરોપસર ધરપકડ કરવામાં આવી છે. પોલીસના જણાવ્યા મુજબ, આરોપીએ કથિત રીતે તેની પત્ની ફાંસીના ફંદા પર લટકીને તરફડી રહી હતી તે સમયની અંતિમ ક્ષણોનો વીડિયો રેકોર્ડ કર્યો હતો, ત્યારે તેણે તેના માતાપિતાને વીડિયો કોલ પણ કર્યો હતો, જેના કારણે તેઓ તેમની પુત્રીના મૃત્યુના સાક્ષી બન્યા હતા.